## THE GUJARAT CO-OPERATIVE SOCIETIES (AMENDMENT) BILL, 2024.

## GUJARAT BILL NO. 7 OF 2024.

### *A BILL*

*further to amend the Gujarat Co-operative Societies Act, 1961.*

It is hereby enacted in the Seventy-fifth Year of the Republic of India as follows: -

**Short title and commencement.**

**1.** (1) This Act may be called the Gujarat Co-operative Societies (Amendment) Act, 2024.

(2) It shall come into force on such date as the State Government may, by notification in the *Official Gazette,* appoint.

**Amendment of section 2 of Guj. X of 1962.**

**Guj. X of 1962.** **2.** In the Gujarat Co-operative Societies Act, 1961 (hereinafter referred to as "the principal Act"), in section 2, -

(i) after clause (7A), the following clauses shall be inserted, namely:-

"(7B) "co-operative housing society" means —

(i) a society, the object of which is to provide its members with open plots for housing, dwelling houses or flats and to provide its members common amenities and services;

(ii) a society, the object of which is to allot the plots to its members to construct the dwelling unit or flats thereon or to allot the dwelling units already constructed and where land is held either on lease hold or free hold basis by the society and houses are owned or to be owned by the members;

(iii) a society, the object of which is to allot the flats already constructed or to be constructed to its members and where both land and building or buildings are held either on freehold or lease-hold basis by the society;

(7C) "co-operative housing service society" means a society formed by the owners of flats in a building for the purpose of maintenance of the building and provision of common amenities and services;

(ii) after clause (10), the following clause shall be inserted, namely:-

(10A) "flat" means block, chamber, dwelling unit, apartment, office, showroom, shop, godown, premises, suit, tenement, unit or by any other name, means a separate and self-contained part of any immovable property, including one or more rooms or enclosed spaces, located on one or more floors or any part thereof, in building or on a plot of land, used or intended to be used for any residential or commercial use such as residence, office, shop, showroom or godown or for carrying on any business, occupation, profession or trade, or for any other type of use ancillary to the purpose specified;".

**Amendment of section 6 of Guj. X of 1962.**

**3.** In the principal Act, in section 6, in sub-section (1), after the words and brackets "persons (each of such persons being a member of different family)", the words and brackets "and in case of co-operative housing society or co-operative housing service society at least eight persons (each of such persons being a member of different family)" shall be inserted.

**Amendment of section 8 of Guj. X of 1962.**

**4.** In the principal Act, in section 8, in sub-section (2), -

(i) in clause (a), the word "and" occurring at the end shall be deleted.

(ii) after clause (a), the following clause shall be inserted, namely: -

"(aa) in case of co-operative housing society or co-operative housing service society, at least eight persons (each of such persons being a member of different family) who are qualified under this Act, and"

**Amendment of section 67A of Guj. X of 1962.**

**5.** In the principal Act, in section 67A, in the second proviso to sub-section (4), for the words "of the State Government", the words "of such authority as may be specified by the State Government, by notification in the *Official Gazette*" shall be substituted.

**Amendment of section 110 of Guj. X of 1962.**

**6.** In the principal Act, in section 110, in clause (e), after the words, "arising out of such claims", the words "as may be prescribed" shall be inserted.

**Amendment of section 114 of Guj. X of 1962.**

**7.** In the principal Act, in section 114, -

(i) in sub-section (1), for the words "unless the period is extended by the Registrar", the words "unless the period is extended by the Registrar or, as the case may be, the State Government" shall be substituted;

(ii) for the proviso to sub-section (1), the following proviso shall be substituted, namely: -

"Provided that, the Registrar shall not grant any extension for a period exceeding one year at a time and five years in the aggregate."

(iii) after the existing proviso, the following provisos shall be inserted, namely: -

"Provided further that the State Government may grant extension after the expiry of ten years from the date of the order for winding up of the society:

Provided also that the State Government shall not grant any extension for a period exceeding two years at a time.".

**Insertion of new section 159A in Guj. X of 1962.**

**8.** In the principal Act, after section 159, the following section shall be inserted, namely: -

**Transfer fee for co-operative housing society and co-operative housing service society.**

"**159A.** A co-operative housing society or, as the case may be, a co-operative housing service society shall not collect transfer fee more than the transfer fee as may be prescribed.".

## STATEMENT OF OBJECTS AND REASONS

The State Government has enacted the Gujarat Co-operative Societies Act, 1961, relating to co-operative societies in the State of Gujarat. After the said Act came into force amendments have been made therein many a times. However, in order to see that the administration and the management of the co-operative societies is run still in a better way and the interests of the members of the society are protected, it is considered necessary to make certain amendments in the Act.

***Clause 2*** of the Bill provides for amendment in section 2 to define co-operative housing society, co-operative housing service society and flat.

***Clause 3*** of the Bill provides for amendment in section 6 enabling to register a co-operative housing or a co-operative housing service society by eight persons.

***Clause 4*** of the Bill provides for amendment in section 8 enabling to application for registration of a co-operative housing or a co-operative housing service society by eight persons.

***Clause 5*** of the Bill provides for amendment in section 67A, which provides for such authority as may be notified by the State Government for approval for use of Bad Debt fund of the society.

***Clause 6*** of the Bill provides for amendment to clause (e) of section 110.

***Clause 7*** of the Bill provides for amendment to section 114, which provides for extension of time limit to complete winding up proceedings of a society.

***Clause 8*** of the Bill provides for insertion of new section 159A for the transfer fees for co-operative housing/ co-operative housing service societies.

This Bill seeks to amend the said Act to achieve the aforesaid objects.

**JAGDISH VISHWAKARMA,**

## MEMORANDUM REGARDING DELEGATED LEGISLATION

This Bill provides for delegation of Legislative powers in the following respects:-

***Clause 1***. - Sub-clause (2) of this clause empowers the State Government to appoint, by notification in the *Official Gazette*, the date on which the Act shall come into force.

***Clause 5. -*** The second proviso to sub-section (4) of section 67A proposed to be amended by this clause empowers the State Government to specify, by notification in the *Official Gazette*, the authority of which the previous sanctioned shall be required to write off the bad debt or loss.

***Clause 6. -*** This clause empowers the State Government to prescribe by rules, the priority of payment of dues in case of liquidation of a society.

**Clause 8. –** New section 159A proposed to be inserted by this clause empowers the State Government to prescribe by rules, the transfer fees for co-operative housing societies or co-operative housing service societies.

The delegation of legislative powers as aforesaid is necessary and is of a normal character.

Dated the 26th February, 2024**.** **JAGDISH VISHWAKARMA.**

## *ANNEXURE*

## EXTRACT FROM THE GUJARAT CO-OPERATIVE SOCIETIES ACT, 1961.

## (Guj. X of 1962)

**Conditions of Registration.**

**6.** (1) No society other than a federal society shall be registered under this Act unless it consists of at least ten persons (each of such persons being a member of different family), who are qualified to be members under this Act and who reside in the area of operation of the society.

(1A) to (5) XXX XXX XXX

***Explanation*** — For the purposes of this section the expression "member of a family" means a wife, husband, father, mother, grandfather, grandmother, step-father, step-mother, son, daughter, step-son, step-daughter, grand-son, grand-daughter, brother, sister, half-brother, half-sister and wife of brother or half-brother.

**Application for Registration.**

**8.** (1) XXX XXX XXX

(2) The application shall be signed–

(a) in the case of a society other than a federal society, by at least ten persons (each of such persons being a member of a different family) who are qualified under this Act, and

(b) XXX XXX XXX

(3) XXX XXX XXX

**Reserve Fund.**

**67.** (1) Every society which does, or can, derive a profit from its transactions, shall maintain a reserve fund.

(2) At least one-fourth of the net profits of the society each year, shall be carried to the reserve fund; and such reserve fund may be used in the business of the society or may subject to the provisions of section 71, be invested, as the State Government may by general or special order direct, or may, with the previous sanction of the State Government, be used in part for some public purpose likely to promote the objects of this Act, or for some such purpose of the State, or of local Interest :

Provided that if the Registrar is satisfied that financial condition of the society is such that it is unable to carry to its reserve fund an amount up to the aforesaid limit of one-fourth of its net profits, he may by order in writing, for such period as he may specify in the order, fix for the society a limit lower than the aforesaid limit but not lower than one-tenth of its net profits.

(3) Where the reserve fund of a society exceeds its authorized share capital, then, notwithstanding anything contained in sub-section (1), the society may, with the previous permission of the Registrar carry to its reserve fund each year an amount which may be less than one-fourth but not less than one-tenth of its net profits.

**67A.** (1) to (3) XXX XXX XXX **Bad Debt Reserve Fund.**

(4) Notwithstanding anything contained in section 67-

(a) the balance of bad debts, if any, remaining after first writing them off under sub-section (3); and

(b) all losses incurred by a society including those suffered on account of settlement of disputes under section 98 which are certified as such by a certified auditor, may be written off against the reserve fund maintained under section 67 to the extent of not more than thirty per cent. of the balance in that fund:

Provided that no bad debt or loss shall be written off against the bad debt fund or, as the case may be, the reserve fund, unless the society in the general meeting passes a resolution approving the same by a majority of not less than two-third of the members of the society present and voting:

Provided further that no such bad debt or loss shall be written off except obtaining the previous sanction of the State Government.

(5) XXX XXX XXX

**98.** (1) If the Registrar is satisfied that any matter, referred to him is a dispute, within the meaning of section 96 the Registrar shall, subject to the rules, decide the dispute himself, or refer it for disposal to a nominee, or a board of nominees, appointed by the Registrar : **Settlement of Disputes.**

Provided that no person who is connected with a dispute or with the society at any stage or has previously inspected the society or audited its accounts shall be appointed as a nominee or as member of the board of nominees to settle the dispute.

(2) Where any dispute is referred under sub-section (1) for decision to the Registrar's nominee or board of nominees, the Registrar may at any time, for reasons to be recorded in writing withdraw such dispute form his nominee, or board of nominees, and may decide the dispute himself, or refer it again for decision to any other nominee, or board of nominees, appointed by him.

(3) Notwithstanding anything contained in section 96, the Registrar may, if he thinks fit, suspend proceedings in regard to any dispute, if the question at issue between a society and a claimant or between different claimants, is one involving complicated question of law or fact, until the question has been tried by a regular suit instituted by one of the parties or by the society. If any such suit is not instituted within two months from the Registrar's order suspending proceedings, the Registrar shall take action as is provided in subsection (1).

**Appointment of Liquidator.**

**108.** (1) When an interim or final order is made under section 107 for the winding up of a society, the Registrar may, in accordance with the rules appoint a person to be the liquidator of the society, and fix his remunerations.

(2) where an interim order is made the officers of the society shall hand over to the liquidator has custody and control of all the property, effects and actionable claims to which the society is or appears to be entitled, and of all books, records and other documents pertaining to the business of the society and, shall have no access to any of them.

(3) When a final order is made confirming the interim order, the officers of the society—

(a) shall hand over to the liquidator the custody and control of any property, effects and actionable claims and any books, records, and other documents pertaining to the business of the society, which for any reason are not handed over to the liquidator under sub-section (2) at the time when an interim order was made,

(b) shall vacate their officer and while winding up order remains in force, the general body of the society shall not exercise any powers.

(4) The liquidator shall, subject to the general control of the Registrar exercise all or any of the powers mentioned 110, The Registrar may remove him from his office and appoint another in his place, without assigning any reason.

(5) The whole of the assets of the society shall on the appointment of the liquidator vest in him and notwithstanding anything contained in any law for the time being in force, if any immovable property is held by him on behalf of the society, the title over the land shall be complete as soon as the mutation of the name of his office is effected, and Court shall question the title on the ground of dispossession, want of possession or physical delivery of possession.

(6) In the event of the interim order being vacated, the liquidator shall hand over the property, effects, actionable claims, books, records and other documents of the society to the officers who had delivered the same to him. The acts done, and the proceedings taken by the liquidator, shall be binding on the society, and such proceedings shall, after the interim order has been vacated under section 107 be contained by the officers of the society.

**Power of Liquidator.**

**110.** The Liquidator appointed under section 108 shall have power, subject to the rules and the general supervision, control and direction of the Registrar,-

(a) to (d) XXX XXX XXX

(e) to investigate all claims against the society, and, subject to the provisions of the Act, to decide questions of priority arising out of such claims and to pay any class or classes of creditors in full or ratably according to the amount of such debts, the surplus being applied in payment of interest from the date of liquidation at a rate approved by the Registrar, but not exceeding the contract rates;

(f) to (o) XXX XXX XXX

**Termination of Liquidation Proceedings.**

**114.** (1) The winding up proceedings of a society shall be closed within five years form the date of the order of the winding up, unless the period is extended by the Registrar :

Provided that, the Registrar shall not grant any extension for a period exceeding one year at a time and five years in the aggregate, and shall, immediately after the expiry of ten years form the date of the order for winding up of the society, deem that the liquidation proceedings have been terminated, and pass an order terminating the liquidation proceedings.

***Explanation.*** –In the case of a society which is under liquidation at the date of the commencement of this Act, an order for the winding up of the society shall be deemed for the purpose of this section to have been passed on the said date.

(2) and (3) XXX XXX XXX

**GUJARAT LEGISLATURE SECRETARIAT**

**GUJARAT BILL NO. 7 OF 2024.**

*A BILL*

*further to amend the Gujarat Co-operative Societies Act, 1961.*

**[ SHRI JAGDISH VISHWAKARMA,**
**MINISTER OF STATE FOR CO-OPERATION]**

**(As published in the Gujarat Government Gazette of 26th February, 2024)**

**D. M. PATEL,**
**Secretary,**
**Gujarat Legislative Assembly.**

**----------------**

Government Central Press, Gandhinagar.

**<u>GUJARAT BILL NO. 7 OF 2024</u>.**

# THE GUJARAT CO-OPERATIVE SOCIETIES (AMENDMENT) BILL, 2024.

## *A BILL*

*further to amend the Gujarat Co-operative Societies Act, 1961.*

**<u>સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૭.</u>**

## ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક, ૨૦૨૪.

## ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના પંચોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત સહકારી મંડળી (સુધારા) અધિનિયમ, ૨૦૨૪ કહેવાશે. **ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

(૨) તે, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તેવી તારીખે અમલમાં આવશે.

**સન ૧૯૬૨નો ગુજરાતનો ૧૦મો.** **૨.** ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૨-માં,- **સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૨-નો સુધારો.**

(૧) ખંડ (૭ક) પછી, નીચેના ખંડો દાખલ કરવા:-

"(૭ખ) "સહકારી ગૃહનિર્માણ મંડળી" એટલે-

(૧) એવી મંડળી, જેનો ઉદ્દેશ તેના સભ્યોને ગૃહનિર્માણ, રહેણાકના ઘરો અથવા ફ્લેટો માટે ખુલ્લા પ્લોટ પૂરા પાડવાનો હોય અને તેના સભ્યોને સહિયારી સુવિધાઓ અને સેવાઓ પૂરી પાડવાનો હોય;

(૨) એવી મંડળી, જેનો ઉદ્દેશ તેના પર રહેણાક એકમ અથવા ફ્લેટ્સનું બાંધકામ કરવા માટે તેના સભ્યોને પ્લોટ ફાળવવાનો હોય અથવા તેના પર પહેલેથી જ બાંધવામાં આવેલા રહેણાક એકમો ફાળવવાનો હોય અને સોસાયટી (મંડળી) દ્વારા ભાડાપટા અથવા સંપૂર્ણ હકના આધારે જમીન રાખવામાં આવતી હોય અને મકાનો સભ્યોની માલિકીના હોય અથવા સભ્યોની માલિકીના બનવાના હોય;

(૩) એવી મંડળી, જેનો ઉદ્દેશ પહેલેથી જ બાંધવામાં આવેલા અથવા બાંધવામાં આવનાર ફ્લેટો તેના સભ્યોને ફાળવવાનો હોય અને જ્યાં જમીન અને મકાન અથવા મકાનો-એ બંને સોસાયટી (મંડળી) દ્વારા સંપૂર્ણ હક અથવા ભાડાપટાના આધારે રાખવામાં (ધરાવવામાં) આવ્યા હોય;

(૭ગ) "સહકારી ગૃહનિર્માણ સેવા મંડળી" એટલે મકાનની જાળવણી તેમજ સહિયારી સુવિધાઓ અને સેવાઓની જોગવાઈના હેતુ માટે મકાનમાં ફ્લેટોના માલિકો દ્વારા રચાયેલી મંડળી;

(૨) ખંડ (૧૦) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

(૧૦ક) "ફ્લેટ" એટલે બ્લોક, ખંડ (ચેમ્બર), રહેણાક એકમ, એપાર્ટમેન્ટ, કચેરી (ઓફિસ), શોરૂમ, દુકાન, ગોડાઉન, ઈમારતો (સ્થળો), સ્યૂટ, ટેનામેન્ટ, એકમ અથવા અન્ય કોઈ નામથી એટલે કોઈ ધંધો, રોજગાર, વ્યવસાય અથવા વ્યાપાર ચલાવવા માટે અથવા નિર્દિષ્ટ કરેલા

હેતુને આનુષંગિક હોય તેવા ઉપયોગના અન્ય કોઈ પ્રકાર માટે રહેઠાણ, કચેરી, દુકાન, શોરૂમ અથવા ગોડાઉન જેવા કોઈ રહેણાક અથવા વાણિજ્યિક વપરાશ માટે વાપરવામાં આવતા અથવા વાપરવા ધારેલા મકાનમાં અથવા જમીનના પ્લોટ પર એક અથવા વધુ માળ અથવા તેના કોઈ ભાગ પર આવેલા એક અથવા વધુ ઓરડા અથવા બંધ જગ્યા સહિત કોઈ સ્થાવર મિલકતના અલગ અને સ્વ-સમાવિષ્ટ ભાગ;".

સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૬નો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬માં, પેટા-કલમ (૧)માં, "ઓછામાં ઓછા દસ સભ્યો (તેમાંનો દરેક સભ્ય જુદા-જુદા કુટુંબનો સભ્ય હોય)" એ શબ્દો અને સંજ્ઞા પછી, "અને સહકારી ગૃહનિર્માણ મંડળી અથવા સહકારી ગૃહનિર્માણ સેવા મંડળીના કિસ્સામાં, ઓછામાં ઓછી આઠ વ્યક્તિઓ (આવી દરેક વ્યક્તિ જુદા-જુદા કુટુંબની સભ્ય હોય)" એ શબ્દો દાખલ કરવા.

સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૮નો સુધારો.

૪. મુખ્ય અધિનિયમમાં, કલમ ૮માં, પેટા-કલમ (૨)માં,-

(૧) ખંડ (ક)માં, અંતમાં આવતો "અને" શબ્દ કમી કરવો.

(૨) ખંડ (ક) પછી, નીચેનો ખંડ દાખલ કરવો:-

"(કક) સહકારી ગૃહનિર્માણ મંડળી અથવા સહકારી ગૃહનિર્માણ સેવા મંડળી-ના કિસ્સામાં, આ અધિનિયમ હેઠળ સભ્ય થવાને પાત્ર હોય તેવી ઓછામાં ઓછી આઠ વ્યક્તિઓએ સહી કરવી જોઇશે (આવી દરેક વ્યક્તિ જુદા-જુદા કુટુંબની હોય); અને"

સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૬૭-ક-નો સુધારો.

૫. મુખ્ય અધિનિયમમાં, કલમ ૬૭ક-માં, પેટા-કલમ (૪)ના બીજા પરંતુકમાં, "રાજ્ય સરકારની" એ શબ્દોને બદલે, "રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નિર્દિષ્ટ કરે તેવા સત્તાધિકારીની" એ શબ્દો મૂકવા.

સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૧૧૦નો સુધારો.

૬. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૦માં, ખંડ (ચ)માં, "એવા દાવાઓમાંથી ઉદ્દભવતા" એ શબ્દો પહેલાં, "ઠરાવવામાં આવે તેવા" એ શબ્દો દાખલ કરવા.

સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા અધિનિયમની કલમ ૧૧૪નો સુધારો.

૭. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૧૪માં,-

(૧) પેટા-કલમ (૧)માં, "રજીસ્ટ્રારે મુદત લંબાવી હોય તે સિવાય" એ શબ્દોને બદલે, "રજીસ્ટ્રારે અથવા યથાપ્રસંગ, રાજ્ય સરકારે મુદત લંબાવી હોય તે સિવાય" એ શબ્દો મૂકવા;

(૨) પેટા-કલમ (૧)ના પરંતુકને બદલે, નીચેનો પરંતુક મૂકવો:-

"પરંતુ રજિસ્ટ્રારે, એક વખતે એક વર્ષથી વધુ અને એકંદર પાંચ વર્ષથી વધુ મુદત સુધી લંબાવવાની મંજૂરી આપવી જોઇશે નહિ."

(૩) વિદ્યમાન પરંતુક પછી, નીચેના પરંતુકો દાખલ કરવા:-

"વધુમાં, રાજ્ય સરકાર, મંડળીને આટોપી લેવાના હુકમની તારીખથી દસ વર્ષ(ની મુદત) પૂરી થયા પછી મુદત લંબાવવાની મંજૂરી આપી શકશે:

વળી રાજ્ય સરકારે, એક વખતે બે વર્ષથી વધુ મુદત લંબાવવી જોઇશે નહિ.".

૯. મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૫૯ પછી, નીચેની કલમ દાખલ કરવી:- **સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા અધિનિયમમાં નવી કલમ ૧૫૯ક દાખલ કરવા બાબત.**

**સહકારી ગૃહનિર્માણ મંડળી અને સહકારી ગૃહનિર્માણ સેવા મંડળી માટે તબદીલી ફી.** **"૧૫૯ક.** સહકારી ગૃહનિર્માણ મંડળી અથવા યથાપ્રસંગ, સહકારી ગૃહનિર્માણ સેવા મંડળીએ, ઠરાવવામાં આવે તેટલી તબદીલી ફી કરતાં વધુ તબદીલી ફી વસૂલ કરવી જોઇશે નહિ.".

## ઉદ્દેશો અને કારણો

રાજ્ય સરકારે, ગુજરાત રાજ્યમાં સહકારી મંડળીઓને લગતો ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ અધિનિયમિત કર્યો છે. સદરહુ અધિનિયમ અમલમાં આવ્યા પછી, તેમાં ઘણી વખત સુધારા કરવામાં આવ્યા છે. તેમ છતાં, સહકારી મંડળીઓનો વહીવટ અને સંચાલન વધુ સારી રીતે થાય અને મંડળીના સભ્યોના હિતોનું રક્ષણ થાય તે ઉદ્દેશથી, અધિનિયમમાં અમુક સુધારા કરવાનું જરૂરી જણાયું છે.

વિધેયકની **કલમ ૨**થી, સહકારી ગૃહનિર્માણ મંડળી, સહકારી ગૃહનિર્માણ સેવા મંડળી અને ફ્લેટની વ્યાખ્યા કરવા માટે કલમ ૨-માં સુધારો કરવા માટેની જોગવાઇ કરી છે.

વિધેયકની **કલમ ૩**થી, આઠ વ્યક્તિઓની (બનેલી) સહકારી ગૃહનિર્માણ મંડળી અથવા સહકારી ગૃહનિર્માણ સેવા મંડળીને રજિસ્ટર કરી શકાય તે માટે કલમ ૬માં સુધારો કરવા માટેની જોગવાઇ કરી છે.

વિધેયકની **કલમ ૪**થી, આઠ વ્યક્તિઓ દ્વારા સહકારી ગૃહનિર્માણ મંડળી અથવા સહકારી ગૃહનિર્માણ સેવા મંડળીના રજિસ્ટ્રેશન માટે અરજી કરી શકાય તે માટે કલમ ૮માં સુધારો કરવા માટેની જોગવાઇ કરી છે.

વિધેયકની **કલમ ૫**થી, કલમ ૬૭કમાં સુધારા માટેની જોગવાઇ કરી છે જેનાથી મંડળીના ડૂબત લેણા ફંડના ઉપયોગની મંજૂરી માટે રાજ્ય સરકાર જાહેર કરે તેવા સત્તાધિકારી માટેની જોગવાઇ કરી છે.

વિધેયકની **કલમ ૬**થી, કલમ ૧૧૦ના ખંડ (ચ)માં સુધારો કરવા માટેની જોગવાઇ કરી છે.

વિધેયકની **કલમ ૭**થી, કલમ ૧૧૪માં સુધારા માટેની જોગવાઇ કરી છે જેનાથી મંડળી આટોપી લેવાની કાર્યવાહી પૂર્ણ કરવાની સમયમર્યાદાને લંબાવવા માટેની જોગવાઇ કરી છે.

વિધેયકની **કલમ ૮**થી, સહકારી ગૃહનિર્માણ/ સહકારી ગૃહનિર્માણ સેવા મંડળીઓ માટેની તબદીલી ફી માટે નવી કલમ ૧૫૯ક દાખલ કરવા માટેની જોગવાઇ કરી છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે સદરહુ અધિનિયમ સુધારવા ધાર્યું છે.

**જગદીશ વિશ્વકર્મા,**

## ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઇ કરી છે:-

**કલમ ૧.**- આ કલમની પેટા-કલમ (૨)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, અધિનિયમ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

**કલમ ૫.**- આ કલમથી સુધારવા ધારેલ કલમ ૬૭ક-ની પેટા-કલમ (૪)ના બીજા પરંતુકથી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, જે સત્તાધિકારીની પૂર્વ મંજૂરીથી ડૂબત લેણા અથવા ખોટની માંડવાળ કરી શકાશે, તે સત્તાધિકારી નિર્દિષ્ટ કરવાની સત્તા મળે છે.

**કલમ ૬.**- આ કલમથી, રાજ્ય સરકારને, મંડળીના ફડચાના કિસ્સામાં, બાકી લેણાની ચૂકવણીનો અગ્રતાક્રમ નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

**કલમ ૮.**- આ કલમથી દાખલ કરવા ધારેલી નવી કલમ ૧૫૯ક-થી, રાજ્ય સરકારને, સહકારી ગૃહનિર્માણ મંડળીઓ અથવા સહકારી ગૃહનિર્માણ સેવા મંડળીઓ માટે તબદીલી ફી નિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪.** **જગદીશ વિશ્વકર્મા.**

## પુરવણી

## ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા) માંથી ઉતારા.

---

રજિસ્ટ્રેશનની શરતો. **૬.** (૧) સમવાયી મંડળી સિવાયની મંડળી હોય અને જેમાં ઓછામાં ઓછા દસ સભ્યો (તેમાંનો દરેક સભ્ય જુદા જુદા કુટુંબનો હોય) જેઓ આ અધિનિયમ હેઠળ સભ્યો થવાને લાયક હોય અને જે મંડળીના કાર્ય વિસ્તારમાં રહેતા હોય તો તે મંડળીને રજિસ્ટર કરી શકાશે નહિ.

(૧ક) થી (૫) xxx xxx xxx

**સ્પષ્ટીકરણ**.- આ કલમના હેતુઓ માટે, “કુટુંબની વ્યક્તિ” એટલે, પત્ની, પતિ, પિતા, માતા, દાદા, દાદી, ઓરમાન પિતા, ઓરમાન મા, પુત્ર, પુત્રી, ઓરમાન પુત્ર, ઓરમાન પુત્રી, પૌત્ર, પૌત્રી, ભાઈ, બહેન, સાવકો ભાઈ, સાવકી બહેન અને ભાઈની અથવા સાવકા ભાઈની પત્ની.

રજિસ્ટ્રેશન માટેની અરજી. **૮.** (૧) xxx xxx xxx

(૨) આવી અરજી ઉપર-

(ક) સમવાયી મંડળી સિવાયની મંડળીના દાખલામાં, આ અધિનિયમ હેઠળ લાયકાત ધરાવતી હોય તેવી ઓછામાં ઓછી દસ વ્યક્તિઓએ સહી કરવી જોઈશે. (આવી દરેક વ્યક્તિ જુદા જુદા કુટુંબની હોવી જોઈએ); અને

(ખ) xxx xxx xxx

(૩) xxx xxx xxx

અનામત ફંડ. **૬૭.** (૧) પોતાની લેવડદેવડોમાંથી નફો કરતી હોય અથવા કરી શકે તેમ હોય તેવી દરેક મંડળીએ અનામત ફંડ રાખવું જોઇશે.

(૨) મંડળીના ચોખ્ખા નફાનો ઓછામાં ઓછા એક ચતુર્થાંશ ભાગ દર વર્ષે અનામત ફંડ ખાતે લઇ જવો પડશે અને એવું અનામત ફંડ મંડળીના કામકાજમાં વાપરી શકાશે અથવા કલમ ૭૧ની જોગવાઇઓને અધીન રહીને આવા ફંડનું રોકાણ, રાજ્ય સરકાર સામાન્ય અથવા ખાસ હુકમથી ફરમાવે તે પ્રમાણે કરી શકશે અથવા આવું ફંડ રાજ્ય સરકારની પૂર્વ મંજૂરી લઇને આ અધિનિયમના ઉદ્દેશોને ઉત્તેજન મળવાનો સંભવ હોય તેવા કોઇ જાહેર હેતુ માટે અથવા રાજ્યના અથવા સ્થાનિક હિતના એવા કોઇ હેતુ માટે અંશતઃ વાપરી શકશેઃ

પરંતુ રજિસ્ટ્રારને એવી ખાતરી થાય કે મંડળીની નાણાંકીય સ્થિતિ પોતાના અનામત ફંડમાં તેના ચોખ્ખા નફાના એક ચતુર્થાંશ ભાગની ઉપર્યુકત મર્યાદા સુધીની રકમ જમા કરી શકે તેવી નથી, તો તે લેખિત હુકમ દ્વારા તે હુકમમાં પોતે નિર્દિષ્ટ કરે તેટલી મુદત સુધી, ઉપર્યુકત મર્યાદા કરતાં ઓછી પણ તેના ચોખ્ખા નફાના એક દશાંશ ભાગ કરતાં ઓછી ન હોય તેટલી મર્યાદા મંડળી માટે ઠરાવી શકશે.

(૩) કોઈ મંડળીનું અનામત ફંડ તેની અધિકૃત શેર મૂડી કરતાં વધુ હોય ત્યારે પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં મંડળી રજિસ્ટ્રારની અગાઉથી પરવાનગી લઈને દર વર્ષે પોતાના અનામત ફંડ ખાતે પોતાના ચોખ્ખા નફાના એક ચતુર્થાંશ કરતાં ઓછી પણ એક દશાંશ કરતાં ઓછી ન હોય તેટલી રકમ જમા કરી શકશે.

**૬૭ક.** (૧) થી (૩) xxx xxx xxx ડૂબત લેણા અનામત ફંડ.

(૪) કલમ ૬૭માં ગમે તે મજકૂર હોય તેમ છતાં-

(ક) પેટા-કલમ (૩) હેઠળ, પહેલાં ડૂબત લેણાને ઉધાર્યા પછી, બાકી રહેલી તેની કોઇ સિલક, જો હોય તો તે, અને

(ખ) કલમ ૯૮ હેઠળ તકરારની પતાવટને લીધે સહન કરવી પડેલી ખોટ કે જેને પ્રમાણિત ઓડિટરે તે પ્રમાણે પ્રમાણિત કરેલ હોય તે સહિત મંડળીએ કરેલી તમામ ખોટ, કલમ ૬૭ હેઠળ રાખવામાં આવેલા અનામત ફંડ ખાતે તે ફંડની સિલકના ત્રીસ ટકાથી વધારે ન હોય તેટલા પ્રમાણમાં ઉધારી શકાશેઃ

પરંતુ મંડળી, સામાન્ય સભામાં મંડળીના કુલ સભ્યપદની બહુમતીથી અને મંડળીના હાજર રહેલા અને મત આપતા સભ્યોની ઓછામાં ઓછી બે-તૃતીયાંશ બહુમતીથી તે અંગે મંજૂર કરતો ઠરાવ પસાર ન કરે ત્યાં સુધી, કોઈ ડૂબત લેણા અથવા ખોટની ડૂબત લેણા ફંડ અથવા યથાપ્રસંગ, અનામત ફંડ ખાતે ઉધારી શકાશે નહિ:

વધુમાં, રાજ્ય સરકારની પૂર્વ-મંજૂરી મેળવ્યા સિવાય, આવા કોઈપણ ડુબત લેણાં અથવા ખોટ માંડીવાળી શકાશે નહિ.

(૫) xxx xxx xxx

**૯૮.** (૧) રજિસ્ટ્રારને એવી ખાતરી થાય કે તેને લખી મોકલેલી કોઇ બાબત, કલમ ૯૬ના અર્થ પ્રમાણેની તકરાર છે, તો નિયમોને અધીન રહીને, રજિસ્ટ્રારે પોતે તકરારનો નિર્ણય કરવો જોઇશે અથવા રજિસ્ટ્રારે નિયુક્ત કરેલી વ્યક્તિને અથવા નિયુક્ત કરેલી વ્યક્તિઓના બોર્ડને નિકાલ માટે તે તકરાર લખી મોકલવી જોઈશે: તકરારોની પતાવટ.

પરંતુ તકરાર અથવા મંડળી સાથે કોઇ તબક્કે સંકળાયેલી અથવા જેણે અગાઉ મંડળીની તપાસ કરેલ હોય અથવા તેના હિસાબો ઓડિટ કર્યા હોય તેવી વ્યક્તિને તકરારની પતાવટ કરવાને નિયુક્ત કરેલી વ્યક્તિ તરીકે અથવા નિયુક્ત કરેલી વ્યક્તિઓના બોર્ડના સભ્ય તરીકે નીમી શકાશે નહિ.

(૨) કોઈ તકરાર પેટા-કલમ (૧) હેઠળ રજિસ્ટ્રારે નિયુક્ત કરેલી વ્યક્તિને અથવા નિયુક્ત કરેલી વ્યક્તિઓના બોર્ડને નિર્ણય માટે લખી મોકલવામાં આવી હોય ત્યારે, રજિસ્ટ્રાર કોઇપણ સમયે કારણોની લેખિત નોંધ કરીને, તેણે નિયુક્ત કરેલી વ્યક્તિ અથવા નિયુક્ત કરેલી વ્યક્તિઓના બોર્ડ પાસેથી તેવી તકરાર પાછી ખેંચી લઈ શકશે અને પોતે તે તકરારનો નિર્ણય કરી શકશે અથવા તેણે નિયુક્ત કરેલી બીજી કોઇ વ્યક્તિને અથવા વ્યક્તિઓના બોર્ડના નિર્ણય માટે તે તકરાર ફરીથી લખી મોકલી શકશે.

(૩) કલમ ૯૬માં ગમે તે મજકૂર હોય તે છતાં. રજિસ્ટ્રારને યોગ્ય જણાય તો કોઇ મંડળી અને હકદાવો કરનારા વચ્ચે અથવા જુદા જુદા હકદાવા કરનારા વચ્ચે તકરારના મુદ્દા, કાયદા અથવા હકીકતના ગુંચવણભર્યા પ્રશ્નો અંગે પક્ષકારો પૈકી કોઇએ અથવા મંડળીએ માંડેલા રીતસરના દાવા દ્વારા પ્રશ્નનો ઈન્સાફ કરવામાં આવે ત્યાં સુધી કોઇ તકરારને લગતી કાર્યવાહીઓ મોકૂફ રાખી શકશે. કાર્યવાહીઓ મોકૂફ રાખવાના રજિસ્ટ્રારના હુકમની તારીખથી બે મહિનાની અંદર આવો કોઇ દાવો માંડવામાં આવ્યો ન હોય તો રજિસ્ટ્રારે પેટા-કલમ (૧)માં ઠરાવ્યા પ્રમાણે પગલાં લેવાં જોઇશે.

લિક્વિડેટરની નિમણૂંક.

**૧૦૮.** (૧) મંડળીને આટોપી લેવા માટે કલમ ૧૦૭ મુજબ વચગાળાનો અથવા આખરી હુકમ કરવામાં આવ્યો હોય ત્યારે રજિસ્ટ્રાર, નિયમો અનુસાર મંડળીના લિક્વિડેટર તરીકે કોઇ વ્યક્તિને નીમી શકશે અને તેનું મહેનતાણું નક્કી કરી શકશે.

(૨) વચગાળાનો હુકમ કરવામાં આવે ત્યારે મંડળીના અધિકારીઓએ જે મિલકત, અસ્ક્યામતો અને દાવાયોગ્ય હકો માટે મંડળી હકદાર હોય અથવા હકદાર હોવાનું જાણતી હોય તે તમામ મિલકત, અસ્ક્યામતો અને દાવા યોગ્ય હકો અને મંડળીના ધંધાને લગતા તમામ ચોપડા, દફતર અને બીજા દસ્તાવેજોનો કબજો અને નિયંત્રણ લિક્વિડેટરને સોંપી દેવા જોઇશે અને તેમને તે પૈકી કોઇ ચોપડા, દફતર અથવા દસ્તાવેજ જોવાની છૂટ રહેશે નહિ.

(૩) વચગાળાના હુકમને બહાલ રાખતો આખરી હુકમ કરવામાં આવ્યો હોય, ત્યારે મંડળીના અધિકારીઓએ-

(ક) વચગાળાનો હુકમ કરવમાં આવ્યો હોય તે સમયે જે કોઇપણ મિલકત, અસ્ક્યામતો અને દાવાયોગ્ય હકો અને મંડળીના કામકાજને લગતા જે કોઇપણ ચોપડા, દફતર અને બીજા દસ્તાવેજો, અસ્ક્યામત અને દાવાયોગ્ય હક અને કોઇપણ ચોપડા, દફતર અને બીજા દસ્તાવેજોનો કબજો અને નિયંત્રણ લિક્વિડેટરને સોંપી દેવા જોઇશે,

(ખ) તેમના હોદ્દા ખાલી કરવા પડશે અને તે આટોપી લેવાનો હુકમ અમલમાં હોય ત્યાં સુધી, મંડળીના સામાન્ય મંડળથી કોઈ સત્તા વાપરી શકાશે નહિ.

(૪) લિક્વિડેટર, રજિસ્ટ્રારના સામાન્ય નિયંત્રણને અધીન રહીને, કલમ ૧૧૦માં જણાવેલી સત્તા પૈકી તમામ અથવા કોઈ સત્તા વાપરશે. રજિસ્ટ્રાર, કોઈ કારણ આપ્યા સિવાય તેને તેના હોદ્દા ઉપરથી દૂર કરી શકશે અને તેણી જગ્યાએ બીજાને નીમી શકશે.

(૫) મંડળીની તમામ અસ્કયામતો, લિક્વિડેટરની નિમણૂક કરવામાં આવ્યેથી, તેનામાં નિહિત થશે અને જે તે સમયે અમલમાં હોય તેવા કોઈ કાયદામાં ગમે, તે મજકૂર હોય તે છતાં, મંડળીનાં વતી લિક્વિડેટરે કોઈ સ્થાવર મિલકત ધરાવી હોય, તે જમીન ઉપરનો હક તેના હોદ્દાના નામનો ફેરફાર કરવામાં આવે કે તરત જ પૂરો થશે અને કોઈ કોર્ટે, તે હક સંબંધી કબજો છોડી દીધો છે તે કારણે, કબજો ન હોવાને કારણે અથવા વાસ્તવિક કબજો સોંપી દેવાને કારને, હક સંબંધી વાંધો ઉઠાવી શકાશે નહિ.

(૬) વચગાળાનો હુકમ રદ્દ કરવામાં આવે તે પ્રસંગે, લિક્વિડેટરે, જે અધિકારીઓએ તેને મંડળીની મિલકત, અસ્કયામતો અને દાવાયોગ્ય હકદાવા, ચોપડા, દફતરો અને બીજા દસ્તાવેજો આપ્યા હતા તેમને એવી મિલકત, અસ્કયામતો અને દાવાયોગ્ય હકો, ચોપડા, દફતરો અને બીજા દસ્તાવેજો સુપ્રત કરવા જોઇશે. લિક્વિડેટરે કરેલા કાર્યો અને માંડેલી કાર્યવાહીઓ મંડળીને બંધનકર્તા થશે અને એવી કાર્યવાહીઓ, કલમ ૧૦૭ મુજબ વચગાળાનો હુકમ દૂર કરવામાં આવ્યા પછી, મંડળીના અધિકારીઓએ ચાલુ રાખવી જોઇશે.

(૬) વચગાળાનો હુકમ રદ્દ કરવામાં આવે તે પ્રસંગે, લિક્વિડેટરે, જે અધિકારીઓએ તેને મંડળીની મિલકત, અસ્કયામતો અને દાવાયોગ્ય હકદાવા, ચોપડા, દફતરો અને બીજા દસ્તાવેજો આપ્યા હતા તેમને એવી મિલકત, અસ્કયામતો અને દાવાયોગ્ય હકો, ચોપડા, દફતરો અને બીજા દસ્તાવેજો સુપ્રત કરવા જોઇશે. લિક્વિડેટરે કરેલા કાર્યો અને માંડેલી કાર્યવાહીઓ મંડળીને બંધનકર્તા થશે અને એવી કાર્યવાહીઓ, કલમ ૧૦૭ મુજબ વચગાળાનો હુકમ દૂર કરવામાં આવ્યા પછી, મંડળીના અધિકારીઓએ ચાલુ રાખવી જોઇશે.

**૧૧૦.** કલમ ૧૦૮ મુજબ નીમેલા લિક્વિડેટરને, નિયમો અને રજિસ્ટ્રારની સામાન્ય દેખરેખ, નિયંત્રણ અને ફરમાનને અધીન રહીને, નીચેની બાબતો કરવાની સત્તા રહેશે:- **લિક્વિડેટરની સત્તા.**

(ક) થી (ઘ) xxx xxx xxx

(ચ) મંડળી વિરુદ્ધના તમામ દાવાની તપાસ કરવાની અને અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, એવા દાવાઓમાંથી ઉદભવતા અગ્રતાક્રમ બાબતના પ્રશ્નોના નિર્ણય કરવાની અને લેણદારોના કોઈ વર્ગ અથવા વર્ગોને પૂરેપૂરાં નાણાં અથવા આવા દેવાની રકમ અનુસાર ફાળે આવતી રકમ આપવાની અને વધેલી રકમનો, કરારનો દરથી વધુ ન હોય એવો દર રજિસ્ટ્રાર માન્ય કરે તે દરે ફડચાની તારીખથી વ્યાજની રકમ આપવામાં ઉપયોગ કરવાની;

(છ) થી (દ) xxx xxx xxx

**૧૧૪.**(૧) મંડળીને આટોપી લેવાની કાર્યવાહીઓ, રજિસ્ટ્રારે મુદત લંબાવી હોય તે સિવાય, આટોપી લેવાના હુકમની તારીખથી ત્રણ વર્ષની અંદર બંધ કરવી જોઈશે: **ફડચાની કાર્યવાહીઓની સમાપ્તિ.**

પરંતુ રજિસ્ટ્રારથી એકી વખતે વધુમાં વધુ એક વર્ષ અને એકંદર ચાર વર્ષ સુધીની મુદત લંબાવવાનું મંજૂર કરી શકાશે નહિ અને મંડળીને આટોપી લેવાના હુકમની તારીખથી સાત વર્ષની મુદત પૂરી થયા પછી તરત જ ફડચાની કાર્યવાહી સમાપ્ત થઈ છે એમ ગણીને ફડચાની કાર્યવાહી સમાપ્ત કરતો હુકમ કરવો જોઈશે.

**સ્પષ્ટીકરણ.**- આ અધિનિયમ શરૂ થયાની તારીખે ફડચામાં હોય તે મંડળીના દાખલામાં, મંડળીને આટોપી લેવાનો હુકમ આ કલમના હેતુ માટે સદરહુ તારીખે કરેલા ગણાશે.

(૨) અને (૩) xxx xxx xxx

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૭.]**

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક.

**[શ્રી જગદીશ વિશ્વકર્મા,**

**રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી.]**

**(સન ૨૦૨૪ના ફેબ્રુઆરી મહિનાની ૨૬મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)**

**ડી. એમ. પટેલ,**

**સચિવ,**

**ગુજરાત વિધાનસભા.**

------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.